અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની કોર્ટ, કોર્ટ નં.૧૦ માં, મુ.અમદાવાદ.

ફોજદારી કેસ નં. ૧૦૦૧૯૨૯૯/૧૬

## :: એ.પી.પી. શ્રીની કેસ પરત ખેંચવાની અરજી લગત કેસ વિડ્રોઅલથી ફૈસલ કરવાનો હુકમ ::

વિધ્વાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે. જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનાએ તેમના **તારીખ–૦૪/૦૭/૧૯ ના પત્ર ક્રમાંક નં.ડીસી/સીટીઝેડ/મેટ્રો.મેજી./લોક અદાલત/ડોરમેંટ કેસ પરત/૨૦૧૯** થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનાએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણાં લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થવા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતું ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હીતમાં તથા ન્યાયના હિતમાં વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે આથી નીચે મુજબનો હુકમ કરૂ છું :–

### ::: હુકમ :::

આથી ક્રિ.પ્રો. કોડની કલમ–૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

=> **મુદામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે** :–

(૧). મુદામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.

(૨). મુદામાલ રોકડ રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

(૩). પોલીસ કબ્જે કરેલ મુદામાલ વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો એવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલ વાહન તેના રજીસ્ટર ઓનરને આર.સી. બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરી પરત આપવું.

(૪). બિનકિંમત મુદામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

આ હુકમ આજરોજ **સ્પેશ્યલ સીટીંગ**માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(ડી. કે. સોની)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦ અમદાવાદ

તારીખ–૧૩/૦૭/૨૦૧૯
અમદાવાદ.